# સુરત મહાનગરપાલિકા


આર.વી.ગામીત

અપીલ અધિકારી

અને

કાર્યપાલક ઈજનેર

ટ્રાફિક સેલ
બીજો માળ, આંબેડકર શોપીંગ સેન્ટર,
રીંગરોડ, સુરત.
ફોન નં. : ૦૨૬૧–૨૩૫૧૬૫૨
મો.નં.૦૯૭૨૪૩૪૫૨૧૨
ઈ–મેઈલ આઈ.ડી.:–
exen.traffic@suratmunicipal.org


અપીલ અરજી નં. ૨

ટ્રાફિક સેલ આ.નં.૩૩૪૧
તા.૨૮/૦૩/૨૦૧૬

**અરજદાર :–** શ્રી ફોરમ ડી.શાહ

**સામાવાળા :–** ડેપ્યુટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ટ્રાફિક સેલ, સુરત મહાનગરપાલિકા.

**વિષય :–** માહિતી અધિકારી અધિનિયમ ૨૦૦૫ હેઠળ અરજદાર શ્રી ફોરમ ડી.શાહની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૨૪૩૫ તા.૧૧/૦૧/૨૦૧૬.

**સંદર્ભ:–** (૧) ટ્રાફિક સેલ આઉટ વર્ડ નં.૩૧૦૫ તા.૦૩/૦૩/૨૦૧૬.
(૨) અરજદારની તા.૧૩/૦૨/૨૦૧૬ની પ્રથમ અપીલ અરજી.

**ફરીયાદની હકીકત :–**

અરજદાર શ્રી ફોરમ ડી.શાહની માહિતી અધિકારી અધિનિયમ ૨૦૦૫ હેઠળ ની અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અનેમાહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોનને ઉદ્દેશીને નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરા, સુરત, ખાતે આઈ.ડી.નં.૨૪૩૫ તા.૧૧/૦૧/૨૦૧૬નાં રોજ કરવામાં આવેલ. જે તેઓ ધ્વારા જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસરશ્રી નોર્થ ઝોન(કતારગામ), સુરત મહાનગરપાલિકાને પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/નં.૧૧૮૩ તા.૧૩/૦૨/૨૦૧૬ નાં રોજ તબદીલ કરવામાં આવેલ જે અરજી તેઓના નોર્થ ઝોન/આ.નં.૧૪૦૦/તા.૧૬/૦૨/૨૦૧૬થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (મહેકમ–પી)ને તબદીલ કરવામાં આવેલ તેમજ જાહેર માહિતી અધિકારી, અને સેકશન ઓફિસર (મહેકમ–પી) ધ્વારા સદર અરજી અત્રેનાં ટ્રાફિક સેલ વિભાગનાં જાહેર માહિતી અધિકારી અનેડેપ્યુટી ઈજનેરશ્રીને નં.જીએડી/ઈએસટી/પી/૨૬૨૨ તા.૧૮/૦૨/૨૦૧૬થી તબદીલ કરવામાં આવેલ.

અરજદાર શ્રી ફોરમ ડી.શાહની અરજીમાં જણાવેલ મુદ્દાઓ બાબતે કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવી તા.૩૦/૧૧/૨૦૧૫ ના રોજ ટ્રાફિક સેલમાંથી વય નિવૃતી થયેલ શ્રી જયદિપસિંહ ચૌહાણ તેમની સામે એ.સી.બીનો કેસ થયેલ હોવાથી તેમની વય નિવૃતી બાદ મળતા લાભો જેવા કે,(અ)નિવૃતી બાદ પેન્શન મેળવે છે.કે.કેમ? (બ)નિવૃતી બાદ જમા હકક રજાના નાણાં ચુકવવામાં આવેલ છે.કે.કેમ? (ક)નિવૃતી બાદ ગ્રેજયુઈટી/એડીશનય ગ્રેજયુઈટીનો લાભ આપેલ છે? (ડ)નિવૃતી બાદ એ.સી.બી.નો કેસ ધ્યાને લઈ લાભો અટકાવવામાં આવેલ /પેન્ડીગ રાખેલ હોય તો તેમની વિગતો તેમજ વયનિવૃત બાદ લાભો અટકાવવા અંગેનાં ઠરાવ/પરિપત્રની નકલ માંગવામાં આવી હતી.

ઉકત માહિતી માંગતી અરજી સદર્ભે મુદત વિત્યા બાદ અત્રેના જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (ટ્રાફિક સેલ) ને મળેલ હોવાથી તેઓ ધ્વારા આ.નં.૩૧૦૫ તા.૦૩/૦૩/૨૦૧૬ થી માહિતી વિના મૂલ્યે (પાના નંગ–૨) પૂરી પાડવામાં આવેલ છ. જે દરમ્યાન અરજદાર ધ્વારા અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી નોર્થ ઝોન (કતારગામ) ને સંબોધીને તા.૧૩/૦૨/૨૦૧૬ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જે તેઓના આ.નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૧૪૯૩ તા.૨૫/૦૨/૨૦૧૬ થી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ) ને તબદીલ કરવામાં આવેલ તેમજ તેઓએ આ.નં.જીએડી/ઈએસટી/૬૬૫૪ તા.૨૯/૦૨/૨૦૧૬થી અત્રે તબદીલ કરવામાં આવેલ છે.

આ તમામ બાબતો ને ધ્યાને લઈ અરજદારની અરજી બાબતે નીચે મુજબનાં હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(ટ્રાફિક સેલ)નાં તા.૦૩/૦૩/૨૦૧૫ ના પત્ર ટ્રાફિક સેલ નં.૩૧૦૫થી માહિતી રજીસ્ટર એડી ધ્વારા અરજદારના સરનામે પાઠવવામાં આવેલ. તેમજ મુદત પૂર્ણ થયેલ હોવાથી પાઠવેલ માહિતી ની નકલો(નંગ–૨)વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતા આપની તા.૧૩/૦૨/૨૦૧૬ની અપીલ અરજી બાબતે કંઈ કરવાનું રહેતુ ન હોય, દફતરે કરવામાં આવે છે.

અપીલ અધિકારી અને
કાર્યપાલકઈજનેર
ટ્રાફિક સેલ
સુરત મહાનગરપાલિકા